**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૪૮ ટકા

# સે-૨૧માં રેપીડ એન્ટીજન ટેસ્ટ કેન્દ્ર ખાતે અધૂરી ટેસ્ટીંગ કીટ આવી

ગાંધીનગર, તા.૨૭
ગાંધીનગરના સેકટર-૨૧માં કોવિડ-૧૯ રેપીડ એન્ટીજન ટેસ્ટ સેન્ટર ખાતે આજે સવારે ટેસ્ટીંગ કીટ અધુરી આવી હતી અને ત્યારબાદ કીટનો બાકી રહી ગયેલો ભાગ આશરે એક કલાકે આવતા ટેસ્ટ કરાવવા આવેલા શંકાસ્પદ લક્ષણો સહિતના નાગરિકોને ધોમધખતા તાપમાં લાઈનમાં ઉભા રહી ધોખવાનું આવતા રોષ ફેલાયો હતો.

શહેરમાં કોરોના વાયરસના સંક્રમણને કાબુમાં લેવા રેપીડ એન્ટીજન ટેસ્ટનો સહારો લેવામાં આવ્યો છે અને આરોગ્ય તંત્ર દ્વારા શકય હોય તેટલાં વધુ ટેસ્ટ કરવાની ગુલબાંગો પોકારવામાં આવી રહી છે. જો કે ટેસ્ટીંગ સ્થળે કર્મચારીઓ દ્વારા ‘હોતી હૈ, ચલતી હૈ’ જેવી નીતીથી કામ કરાઈ રહ્યું હોય તેવો અનુભવ આજે સે-૨૧ના રેપીડ એન્ટીજન ટેસ્ટ કેન્દ્ર ખાતે થવા પામ્યો હતો.




આ સેન્ટર પર ટેસ્ટીંગ શરૂ કરવાનો સમય જ ૧૦.૩૦ કલાકનો રાખવામાં આવ્યો છે અને તે સમયે ટેસ્ટીંગ કરાવવા ઈચ્છતા નાગિરકોની સોશ્યલ ડિસ્ટન્સ સાથેની લાંબી લાઈન લાગી ચુકી હોય છે. સાડા દસ વાગ્યાના સુમારે તડકો પણ સારો એવો જામી ચુકયો હોય છે તેવામાં આજે સેન્ટર પર લાવવામાં આવેલી ટેસ્ટીંગ કીટનો ‘કેપ’નો ભાગ જે અલગ હોય છે તે જ કંપની દ્વારા મોકલવામાં આવ્યો નહોતો તેવું માલુમ પડયું હતું. આમ અધુરી કીટના કારણે ટેસ્ટીંગ સમયસર શરૂ થઈ ચુકયું નહોતું અને પોતાના કામ ધંધા વ્યવસાયમાંથી દિવાળી તાકડે સમય કાઢીને આવેલા નાગરિકો તાપમાં ઉભા ઉભા અકળાઈ જવા પામ્યા હતા. જેમાં કેટલાંક કોવિડ-૧૯ના શંકાસ્પદ લક્ષણો ધરાવતા હતા. છેવટે કીટનો બાકી રહી ગયેલો ભાગ મનપા ખાતેથી મંગાવાયો હતો પરંતુ તેને આવતા અને ટેસ્ટીંગ શરૂ થતાં સુધીમાં પોણો કલાકથી વધુ સમય વીતી જવા પામ્યો હતો જેના કારણે કેટલાંક નાગરિકો તો ટેસ્ટ કરાવ્યા વગર જ પરત ફરી ગયા હતા. આ પછી ટેસ્ટીંગ મોડું શરૂ થયું હોવા છતાં કેમ્પ પર નિયત કરાયેલ ૧૨.૩૦ કલાકે રીશેષ પાડી દેવાતા બાકી રહી ગયેલા નાગરિકોની હાલત કફોડી બની હતી અને તેઓમાં રોષ ફેલાયો હતો. આ નાગરિકોનો સવાલ હતો કે ‘તમારી ભૂલના લીધે ટેસ્ટીંગ મોડું થયું છે તો રીશેષને ટુંકાવી થોડો વધુ સમય તમે ટેસ્ટીંગ કાર્ય કેમ ના કરી શકો?’ પરંતુ તેનો જવાબ આપવાની કોઈને જરૂર જણાઈ નહોતી.



ચોમાસામાં વરસાદ આવે અને શહેરના માર્ગોની હાલત ખરાબ થઈ જાય છે ત્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા સેકટર-૬માં નવા રોડ બનાવવાની કામગીરી શરુ કરવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગે વરસાદ બાદ તબક્કાવાર માર્ગ સુધારણાનું કાર્ય હાથ ધર્યું છે.

# શહેરની બેંકોમાં બંધ પાસબુક પ્રિન્ટીંગ મશીન શરૂ કરવા માંગ

ગાંધીનગર, તા.૨૭
કોરોના અને લોકડાઉનના સમયગાળા દરમિયાન બેંક ટ્રાન્જેકશન ઓનલાઈન થતા બેંકમાંથી પૈસા ઉપાડવા એક જ વ્યકિત જઈ શકતું તેવા નિયમ પણ હતા જેને કારણે બેંક ટ્રાન્જેકશન પણ વધુ થયા છે. આમ તો ઓનલાઈન સિસ્ટમ મુજબ યુપીઆઈ કરેલા બેંક આઈડીને બેંક જેવી જ સગવડતા મળી રહે છે પરંતુ હજી ઘણી બેંક જેમ કે એસબીઆઈ, બીઓબી, નાગરિક બેંક, કેનેરા બેંક અપડેટ જ થઈ નથી તે સિવાયની એચડીએફસી, યસ બેંક, આઈસીઆઈસીઆઈ, એકિસસ બેંક ઓનલાઈન સેવા આપવામાં પાછી પડતી નથી. પરંતુ ત્યાંના યંગ ખાતા ધારકો માટે તમામ ઓનલાઈન ટ્રાન્ઝેકશન સરળ છે અને તેમને જલ્દી પાસબુક ભરાવવાની જરુર પડી નથી તેઓ ખાતાનું બેલેન્સ ઓનલાઈન જ જાણી લે છે. પરંતુ મીડ એજ અને સિનિયર સિટિઝનોને પાસબુક ભરાવવા માટે દર મહિને જવાની આદત હોય છે અને તેવી જ રીતે તેઓ પોતાના બેંક એકાઉન્ટનું બેલેન્સ જાણતા હોય છે ત્યારે શહેરની એચડીએફસી બેંક અને બીઓબી બેંક સિવાય ઘણી બેંકના પાસબુક ભરવા માટેના મશીન બંધ છે જેને કારણે શહેરીજનોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. શહેરના એક સિનિયર સિટીઝનનું કહેવું છે કે, કોરોનાને કારણે ઘરની બહાર નીકળ્યા ન હતા. છોકરાઓ જ બેંકનું કામ પતાવતા અને પૌત્ર-પૌત્રીઓ કોઈ પણ ચીજવસ્તુ ઓનલાઈન જ ઓર્ડર કરી આપતા પરંતુ હવે દિવાળી આવી છે અને અમારે પૈસા ઉપાડવા જવું છે તો સાથે પાસબુક પણ ભરાવતા આવીએ તો પાછલા આઠ મહિનાના ટ્રાન્ઝેકશન ખબર પડે પરંતુ બેંકના પાસબુક ભરાય તે મશીન બંધ છે એટલે જવાનો મતલબ નથી અને મને ઓનલાઈન સિસ્ટમ પર ભરોસો નથી માટે જલ્દીથી પાસબુક પ્રિન્ટીંગ મશીન શરૂ થાય તો સારું. એક બ્રાન્ચથી બીજી બ્રાન્ચ ફરીને અમે થાકી ગયા છીએ. આમ શહેરનો ઘણો વર્ગ હજી ઓનલાઈન સિસ્ટમનો ઉપયોગ કરતો નથી ત્યારે આ વર્ગની તમામ બેંકમાં જયાં પાસબુક પ્રિન્ટીંગ મશીન બંધ છે ત્યાં શરુ થાય તેવી માંગ છે.

# ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મુકિતધામ પાસેના સ્લમ એરિયામાં બાળકોને નોટબુક ચોપડાનું વિતરણ



ગાંધીનગર, તા.૨૭
ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ઘણા વર્ષથી શહેરની સરકારી શાળાના બાળકોને શિક્ષણમાં આગળ વધવા વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી પ્રોત્સાહિત કરવામાં આવે છે. જે અંતર્ગત સે-૩૦ના સ્લમ વિસ્તારના બાળકોને સમગ્ર વર્ષ ચાલે તેટલા ચોપડા, નોટબુક, પેન્સિલ, રબર, કલરબોકસ આપી શિક્ષણ આપવામાં આવી રહ્યું છે ત્યારે આ પરંપરાને કોરોના કાળ દરમિયાન જાળવવા માટે દશેરાના દિવસે દાતા મનિષભાઈ પ્રજાપતિ દ્વારા નોટબુક ચોપડાનું વિતરણ મુકિતધામ પાસે આવેલ હીરાબા નગર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી મયુર જોશી, ચાણકય જોશી તથા વોલન્ટિયર્સ વાગમી જોશી, મુંમતાઝ બહેન, કિશન સાથે પરિવારજનોએ હાજરી આપી હતી.

## જન્મદિને વધામણી


કેયુર પી પટેલ
મો. ૯૯૭૯૫ ૦૭૨૯૪


મેહુલ પી પ્રજાપતિ
મો. ૯૪૨૬૩ ૧૦૩૯૬


મેઘા પરીખ
મો. ૯૧૭૩૦ ૧૦૦૮૫


શિવમ
મો. ૯૫૫૮૯ ૭૬૮૧૭


પ્રીતિબેન પરમાર
મો. ૯૯૯૮૫ ૪૦૧૪૫

# સરઢવ પાસેથી વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૭
સરઢવ પાસેથી વરલી મટકાનો જુગાર રમાડતા શખ્સને પેથાપુર પોલીસે પકડી પાડ્યો છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે પોલીસને બાતમી મળી હતી કે ધમાસણા થી સરઢવ તરફ જવાના માર્ગ પર સાઈડમાં સરઢવ ગામનો જીગર કનુજી ભવાનજી દેવડા ઈકો કાર નં. જી.જે.૧૮.બી.જે.-૭૮૩૬ માં બેસીને વરલી મટકાનો જુગાર લખી રહ્યો છે. જેથી પોલીસે યુવકને પકડીને પુછતાછ કરતા અને મોબાઈલ ચેક કરતા તેમાં અન્ય નંબર પર વરલીના આંકડા સેન્ડ કર્યા હતા.ત્યારે પોલીસે આ અંગે પુછતા યુવકે વરલીના આંકડાનું કટીંગ જીજ્ઞેશ ઉર્ફે જગો ગફુરભાઈ રાવળને મોકલતો હતો. પોલીસે યુવકને ચકાસતા તેની પાસેથી રૂ.૧૦ હજારની કિંમતનો એક મોબાઈલ, જુદા જુદા દરની ચલણી નોટો રૂ.૧૯,૮૦૦ તેમજ રૂ. ૨ લાખની ઈકો ગાડી નં. જી.જે.૧૮.બી.જે.૭૮૩૬ ગણી કુલ રૂ.૨,૨૯,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કરી પેથાપુર પોલીસે જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચિલોડા પાસે ૩૬ બોટલ દારૂ સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૨૭
ચિલોડા પોલીસે લકઝરી બસમાંથી ૩૬ બોટલ દારૂ સાથે એક યુવકને ઝડપી પાડ્યો છે. પોલીસે દારુ, મોબાઈલ મળી કુલ રૂ. ૩૪,૧૦૦નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ચિલોડા-હિંમતનગર હાઈ વે પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર ચિલોડા પોલીસના જવાનો વાહન ચેકીંગ કરી રહ્યા હતા તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલી ખાનગી લકઝરી બસને ઉભી રાખી હતી. પોલીસે કંડકટરને સાથે રાખીને બસમાં ચેકીંગ હાથ ધરતા એક મુસાફરના થેલામાંથી દારૂની ૩૬ નંગ બોટલ મળી આવી હતી. પોલીસે મુસાફરનુ નામ પુછતા તેણે પ્રવિણકુમાર કમલસિંહ ગેહલોત (ઉં.૨૩, હરીયાણા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે રૂ. ૩૦,૬૦૦ ની કિંમતની ૩૬ વિદેશી દારુની બોટલ, તેમજ ૩૫૦૦ ની કિંમતના બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.૩૪,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે યુવક સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# યજ્ઞ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નવરાત્રીમાં જરૂરિયાતમંદોને જમાડવામાં આવ્યા

ગાંધીનગર, તા.૨૭
યજ્ઞ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નવરાત્રીના નવ દિવસ દરમિયાન ગાંધીનગર-અમદાવાદના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જરૂરિયાતમંદોને જમાડવામાં આવ્યા હતા. આ વર્ષે કોરોનાની મહામારીને કારણે ઘણો ખર્ચો નવરાત્રી દરમિયાન બચી ગયો છે અને તેનો સદઉપયોગ કરીને ૨૫ જેટલા ડોનર્સ અને ટ્રસ્ટીની મદદથી સંસ્થા દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે. આ કાર્ય અંતર્ગત ૯ દિવસમાં ૧૨ ઝુંપડપટ્ટી વિસ્તારના ૫૧૧ જેટલા બાળકોને દાળ, ભાત, શાક-રોટલી, સલાડ અને પાણી સાથે સંપૂર્ણ જમણ જમાડવામાં આવ્યું છે. આ કાર્યમાં સંસ્થાના ડાયરેકટર દામિની વર્મા અને નિરજ પાંડેનો ફાળો રહ્યો તથા લવ વાઘેલા, દિવ્યેશ રાવલ તથા નિર્મલ પરમારનો સહયોગ રહ્યો હતો.





# મધ્યાહન ભોજન યોજના કર્મચારી મંડળનું આંદોલન હાલ પુરતુ મોકુફ રખાયુ

ગાંધીનગર, તા.૨૭
ગુજરાત રાજય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળનું અન્ન-જળ ત્યાગનું આંદોલન હાલ પુરતુ મોકુફ રાખવામાં આવ્યું છે. મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની વર્ષો જુની પડતર માંગણીઓ અંગે સરકાર તરફથી મૌખીક ખાત્રી મળતા શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આયોજીત અન્ન-જળ ત્યાગ આંદોલન મુલત્વી રાખવામાં આવ્યું છે તેમ મધ્યાહન ભોજન કર્મચારી મહામંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલાએ જણાવ્યું છે.

મળતી માહિતી મુજબ મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ છેલ્લા ત્રણ દાયકાથી સામાન્ય વેતનમાં નોકરી કરી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષથી મહામંડળના પ્રમુખ અને હોદેદારો ન્યાય મેળવવા માટે પાટનગરમાં ધરણા, પ્રદર્શન, રેલી, ઉપવાસ કરી રહ્યા છે. તેમ છતા મધ્યાહન ભોજનના કર્મચારીઓની પડતર માંગણીઓનો ઉકેલ આવ્યો નથી. પડતર માંગણીઓમાં લઘુતમ પગાર ધોરણ આપી કાયમી કરવા, એનજીઓ દાખલ ન કરવી, જે જિલ્લામાં એનજીઓ કાર્યરત છે તે રદ કરવી, વય મર્યાદાને કારણે નિવૃત થયેલા કર્મચારીના સ્થાને તેમના પરિવારના સભ્યોનો સમાવેશ કરવો સહિતની માંગણીઓ અંગે ઉગ્ર લડત મહામંડળ દ્વારા ચાલી રહી છે. ત્યારે મધ્યાહન ભોજન યોજનાના કર્મચારી મહામંડળના પ્રમુખ અને હોદેદારો પડતર માંગણીઓને લઈને તાજેતરમાં સત્યાગ્રહ છાવણી ખાતે અન્ન-જળનો ત્યાગ કરી ઉપવાસ આંદોલન કરવાના હતા. પરંતુ મહામંડળની પડતર માંગણીઓ અંગે સરકાર તરફથી હકારાત્મક અભિગમ દાખવીને મૌખિક ખાત્રી આપતા મહામંડળ દ્વારા ઉપવાસ આંદોલન મુલત્વી રાખવામાં આવ્યું છે તેમ મહામંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલાએ જણાવ્યું છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. પટેલ સીતાબેન ગોવિંદભાઈ, ઉ.વ. ૫૫, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. સવિતાબેન ચંદુભાઈ પંચાલ, ઉ.વ. ૮૫, સે-૧૩, છાપરાં, ગાંધીનગર
- સ્વ. સોલંકી ભૂપેન્દ્રભાઈ રમણભાઈ, ઉ.વ. ૫૬, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. પટેલ મંગળદાસ રામદાસ, ઉ.વ. ૭૫, સરદારનગર, અમદાવાદ
- સ્વ. બાબુલાલ શંકરદાસ પટેલ, ઉ.વ. ૭૦, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. દંતાણી ગોવિંદભાઈ અમથાભાઈ, ઉ.વ. ૫૨, જલુંદ, તા. ગાંધીનગર
- સ્વ.ખોડીદાસ શિવલાલ નાયક, ઉ.વ. ૮૮, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. જયશ્રીબેન નિમેષકુમાર મોદી, ઉ.વ. ૪૩, વાવોલ, ગાંધીનગર
- સ્વ. પટેલ પ્રહલાદભાઈ વિહિદાસ, ઉ.વ. ૭૬, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. નરૂકા ફુલસિંહ રતનસિંહ, ઉ.વ. ૬૮, સેકટર-૫, ગાંધીનગર
- સ્વ. બળદેવભાઈ ડાહ્યાભાઈ પટેલ, ઉ.વ. ૬૦, સરઢવ, તા. ગાંધીનગર
- સ્વ. બાબુભાઈ લલ્લુભાઈ પરમાર, ઉ.વ. ૭૯, સેકટર-૨૦, ગાંધીનગર
- સ્વ. ગીતાબેન રાજુજી ઠાકોર, ઉ.વ. ૪૦, સે-૧૫, ફતેપુરા, ગાંધીનગર
- સ્વ. દંતાણી વિક્રમભાઈ છનાભાઈ, ઉ.વ. ૬૭, સે-૨૮, આદીવાડા, ગાંધીનગર
- સ્વ. ગોહિલ હીરાબેન ધૂળાજી, ઉ.વ. ૮૫, બીલમણા, તા. દહેગામ
- સ્વ. નરેશભાઈ મીઠાભાઈ કનોડીયા, ઉ.વ. ૭૭, સેકટર-૮, ગાંધીનગર
- સ્વ. ભંગી આશિષ કાન્તિભાઈ, ઉ.વ. ૨૪, આગલોડ, તા. વિજાપુર, મહેસાણા

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. પરમાર દિનેશભાઈ ચતુરભાઈ, ઉ.વ. ૬૧, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. વસાવડા સાવિત્રીબેન જનકરાય, ઉ.વ. ૯૧, સેકટર-૭, ગાંધીનગર
- સ્વ. જેઠવા કાન્તિલાલ રતાજીલાલ, ઉ.વ. ૮૨, કોબા, ગાંધીનગર
- સ્વ. પટેલ સવિતાબેન રમણલાલ, ઉ.વ. ૬૭, વાવોલ, તા. ગાંધીનગર

# ‘કોરોના ભગાવો મહાઆરતી’ થકી મહામારી સામે જનજાગૃતિ ફેલાવવાનો પ્રયાસ

**ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા નવરાત્રી દરમ્યાન દરરોજ શહેરના વિવિધ વિસ્તારોમાં ‘કોરોના ભગાવો મહાઆરતી’ કરાઈ : આરતી બાદ નાગરિકોમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈન અંગે જનજાગૃતિ ફેલાવાઈ**

ગાંધીનગર, તા.૨૭
સમગ્ર લોકડાઉન સહિતના અત્યાર સુધીના કોરોના કાળ દરમ્યાન સરકાર દ્વારા અનેકવિધ રીતે કોરોના સંક્રમણથી બચવા માટેની સાવચેતી અંગે જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે તેમ છતાં હજુ પણ જાહેર જનતામાં આ બાબતે હોવી જોઈએ તેટલી ગંભીરતા જણાતી નથી. આ બાબતને ધ્યાનમાં લઈને ગાંધીનગરની સ્વદેશી અને રાષ્ટ્રવાદી સંસ્થા ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા નવરાત્રી જેવા લોકપર્વ દરમ્યાન ગાંધીનગરમાં ‘કોરોના ભગાવો મહાઆરતી’ થકી વિવિધ વિસ્તારોમાં જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા જનજાગૃતિ અભિયાનમાં નવરાત્રી દરમ્યાન દરરોજ અલગ અલગ વિસ્તારમાં ‘કોરોના ભગાવો મહાઆરતી’ યોજી નાગરિકોને માસ્ક પહેરવા, સેનેટાઈઝરનો ઉપયોગ કરવા તથા બે મીટરનું અંતર જાળવા સમજાવવામાં આવ્યા હતા. આ સાથે કોરોના સંક્રમણ લાગુ પડે તો આયુર્વેદીક ઉપચારોને અપનાવવા જેમાં હળદર, સૂંઠ, મરી, લવિંગનો ઉકાળો બનાવી લીંબુનો રસ ઉમેરી ઉકાળો પીવા તેમજ પતંજલીની કોરોનીલ દવાનો ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.





‘કોરોના ભગાવો મહાઆરતી’ના જનજાગૃતિ કાર્યક્રમનો પ્રારંભ તા. ૧૭મી ઓકટોબરે પહેલા નોરતે પંચદેવ મંદિરે આરતી કરીને કરવામાં આવ્યો હતો તે પછી બીજા નોરતે સેકટર-૨૨માં શોપીંગ સેન્ટર ખાતે વેપારીઓ સાથે, ત્રીજા નોરતે સે-૧૨માં વસાહતીઓ સાથે ચોથા નોરતે સે-૨૬માં કિસાનનગર ખાતે, પાંચમા નોરતે સે-૧૪માં શિવશકિત માતાજીના ચોકમાં, છઠ્ઠા દિવસે સે-૨૧માં સંકલ્પસિધ્ધિ હનુમાનજીના મંદિરે અને સાતમા નોરતે ફરી સે-૨૨માં પંચદેવ મંદિરે કાર્યક્રમ યોજી સમાપન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબના પ્રમુખ રાધેશ્યામભાઈ યાદવ, ઉપપ્રમુખ ગુલાબચંદભાઈ પટેલ તથા મંગળસિંહભાઈ સોલંકી, એકવોકેટ કાન્તિભાઈ પટેલ તથા સેક્રેટરી મનીષાબેન ગોહેલ સહિત સંસ્થાના સભ્યો તેમજ જે તે વિસ્તારના સ્થાનિક રહીશો જોડાયા હતા.